ગાંધીનગર સમાચાર

ગાંધીનગર તાપમાન
મહત્તમ : ૪૧.૫ ડીગ્રી
લઘુતમ : ૨૭.૦ ડીગ્રી
ભેજ
સવારે ૪૫ ટકા ● સાંજે ૧૭ ટકા

# શહેરમાં પરશુરામ જયંતિ ઉજવાઈ

## હર હર મહાદેવના નાદ સાથે નગરમાં શોભાયાત્રા નીકળી : યાત્રામાં મોટી સંખ્યામાં ભૂદેવો જોડાયા : કોર્પોરેટરો અને સ્થાનિકો દ્વારા ઠેર-ઠેર સ્વાગત







ગાંધીનગર, તા.૭

સમસ્ત બ્રહ્મસમાજ ગાંધીનગર યુવા પાંખ, મહિલા પરિવાર, પરશુરામ મિત્ર મંડળ તેમજ સેકટર શાખા દ્વારા સંયુકત રીતે ભગવાન પરશુરામની ભવ્ય શોભા યાત્રા ગાંધીનગરના વિવિધ માર્ગ અને સેકટરોમાં નીકળી હતી. સ્થાનિકો અને કોર્પોરેટરો દ્વારા યાત્રાનું ઉત્સાહભેર સ્વાગત કરવામાં આવ્યું હતું. યાત્રામાં સમાજના સભ્યો તથા આગેવાનો બેન્ડ, પરશુરામ ભગવાનના ૨૫-૨૦ જેટલા ફોર વ્હીલર, ૨૫થી વધુ ટુ વ્હીલર અને ઓપન જીપ સાથે ઉત્સાહભેર જોડાયા હતા.

પરશુરામ જયંતિ નિમિત્તે શહેરમાં સમસ્ત બ્રહ્મસમાજ દ્વારા ભવ્ય શોભાયાત્રા યોજાઈ હતી. યાત્રાનું સવારે સે-૧૬ સ્થિત સોમનાથ મહાદેવ મંદિરથી પ્રમુખ પિનાકીન રાવલ દ્વારા પૂજા આરતી કરી પ્રસ્થાન કરવામાં આવ્યું હતું. યાત્રા મંદિરેથી નીકળી હનુમાન મંદિર પહોંચી હતી જયાં મંદિરના મહારાજ દ્વારા આરતી કરવામાં આવી હતી ત્યાંથી પંચદેવ મંદિર પહોંચી હતી જયાં ગાંધીનગરના મેયર રીટાબેન પટેલ તથા મહાનગરપાલિકાના કોર્પોરેટર હિરલબેન જોષી, પ્રિતિબેન દવે, શૈલેન્દ્રસિંહ બિહોલા, ગુજરાત કોંગ્રેસના મહામંત્રી નિશિત વ્યાસ, શહેર અને તાલુકા મહામંત્રી રાકેશભાઈ જાની, સે-૨૧ તથા સે-૨૨ના બ્રહ્મ અગ્રણીઓ દ્વારા શોભાયાત્રાનું સ્વાગત કરવામાં આવ્યું હતું. ત્યારબાદ યાત્રાનું સે-૨૩ ખાતે શાખાના પ્રમુખ નરેન્દ્રભાઈ વ્યાસ તથા મહાનગર પાલિકાના કોર્પોરેટર નિલાબેન શુકલ તથા વસાહતીઓ દ્વારા સ્વાગત કરવામાં આવ્યું હતું તથા છાશનું વિતરણ કરવામાં આવ્યું હતું. સે-૨૭ ખાતે યાત્રાનું બાલકૃષ્ણભાઈ જોષી, રાજુભાઈ રાજયગુરુ, મહાનગરપાલિકાના કોર્પોરેટર બરખાબેન જહા અને ઉમેશભાઈ જહા, પૂર્વ કોર્પોરેટર જાગૃતિબેન પુરોહિત, સે-૨૬ના પ્રમુખ મહેશભાઈ પુરોહિત, દક્ષેશભાઈ તથા સે-૨૬/૨૭ના સ્થાનિક બ્રહ્મસમાજના અગ્રણીઓએ દરેકને ઠંડુ પીણું આપી સ્વાગત કર્યુ હતું. સે-૧૩માં કમલેશભાઈ ઉપાધ્યાય, ચેતનભાઈ રાવલ, શાખાના મંત્રી જયેન્દ્રભાઈ ભટ્ટ, સંદિપભાઈ ભટ્ટ, ગૌરાંગભાઈ વ્યાસ દ્વારા યાત્રાનું સ્વાગત કરવામાં આવ્યું હતું અને યાત્રામાં જોડાનાર માટે વેફર અને ઠંડા પીણાની વ્યવસ્થા કરવામાં આવી હતી. સે-૫માં નરેશભાઈ દવે, પ્રિતેશભાઈ વ્યાસ, મહેન્દ્રભાઈ વ્યાસ, નિગમ વ્યાસ દ્વારા યાત્રાનું સ્વાગત કરવામાં આવ્યું હતું. તથા તેમના દ્વારા ઠંડા પાણીની વ્યવસ્થા કરવામાં આવી હતી. સે-૪માં યાત્રા પહોંચતા કોર્પોરેટર પ્રવિણાબેન વોરા, ગુડાના પૂર્વ ચેરમેન આશિષ દવે, ઘનશ્યામભાઈ ત્રિવેદી, જગદીશ રાવલ, ઓમકારેશ્વર મંદિરના પૂજારી, મુંજાલ રાવલ તથા સમાજના અગ્રણીઓ દ્વારા યાત્રાનું સ્વાગત કરવામાં આવ્યું હતું. ત્યારબાદ યાત્રા સે-૨/૩માં થઈ સે-૧૬ બ્રહ્મભવન પરત ફરી હતી. સંસ્થાના પ્રમુખ પિનાકીન રાવલ, મંત્રી નરેશભાઈ દવે, આશિષભાઈ દવે, મહિલા પ્રમુખ ચંદ્રિકાબેન રાવલ, મંત્રી જ્ઞાનદેવી બેન, યુવા પ્રમુખ-જયશ્રીબેન ખેતિયા, ગ્રિષ્મા જાની, નિશિત વ્યાસ, રાકેશ જાની, અશ્વિન ત્રિવેદી દરેકે જોડાઈ યાત્રામાં ઉત્સાહભેર ભાગ લીધો હતો.

# વિકાસરૂટ બસોનું બીઆરટીએસ ટ્રેકમાં વહન મુસાફરો માટે આકરૂ



ગાંધીનગર, તા.૭

ગાંધીનગર-અમદાવાદ વચ્ચે વિકાસરૂટ થકી અનેક બસોનું દૈનિક આવન જાવન રહે છે. જેથી ગાંધીનગર અને અમદાવાદના મુસાફરોને ખુબ જ રાહત પહોંચી છે. અમદાવાદના અનેક સ્થળોએ જયાં ગાંધીનગરથી બસો દૈનિક અલગ અલગ સમયપત્રક સાથે નિયમિત દોડી રહી છે. જેમાં ગાંધીનગરથી જશોદા ચોકડીના વિકાસરૂટની બસો છેલ્લા છ માસથી અમદવાદ બીઆરટીએસ ટ્રેકમાં વહન કરી રહી છે જે કારણે મુસાફરોને અમદાવાદના વિવિધ સ્ટેન્ડ બીઆરટીએસ ટ્રેકમાં જ ઉતરવું પડે છે જયારે ગાંધીનગર આવવા ધોમધખતા તાપમાં પીકઅપ સ્ટેન્ડ વગર ખુલ્લામાં ઉભા રહેવું પડે છે જેથી આ પ્રકારના એસ.ટી.ના પીક અને ડાઉનથી મુસાફરો ભારે મુશ્કેલી અનુભવી રહ્યા છે.

ગાંધીનગર જવા ધોમધખતા તાપમાં ઉભા રહેતા મજબૂર મુસાફરોને બીઆરટીએસની બસોની આવનજાવન થકી અકસ્માતનો ભય રહે છે તો મહિલાઓ, વૃધ્ધો અને બાળકોની હાલત કફોડી બની જાય છે. ટ્રાફિક સમસ્યાને હળવી કરવા લેવાયેલા આ નિર્ણયમાં મુસાફરોની સ્થિતિનું ધ્યાન રખાયું નથી તેમજ ઉભા કરાયેલા પીકઅપ સ્ટેન્ડ નકામા બની ગયા છે. ઓઢવ, વટવા, નરોડા તેમજ અન્ય ઈન્ડસ્ટ્રીયલ ઝોનમાં નોકરી કરતા કામદારો પણ નિગમની આ વ્યવસ્થાથી નારાજ બન્યા છે. બીઆરટીએસ ટ્રેકમાં પીક અને ડાઉન થાય તે સામે મુસાફરોને વાંધો નથી પરંતુ મુસાફરોને ઉભા રહેવા કે બેસવા અંગેની યોગ્ય વ્યવસ્થા પણ આવા નિર્ણયો સાથે લેવાય તે ઈચ્છી રહ્યા છે. જો કે બીઆરટીએસ ટ્રેકમાં બસ દોડાવવાના નિર્ણયની નિગમ દ્વારા જાણકારી મુસાફરોને અપાઈ ન હોવાથી મુસાફરો મુસાફરીથી વંચિત પણ બની રહ્યા છે.

# સે-૭ ડી ખાતે એસીમાં શોર્ટ સર્કિટને પગલે ઘરમાં આગ





ગાંધીનગર, તા.૭

ગાંધીનગર શહેરના સેકટર-૭ ડી ખાતે મંગળવારના બપોરના સમયે અચાનક એસીમાં શોર્ટ સર્કિટને પગલે આગ ભભુકી ઉઠી હતી. બેડરુમમાં રહેલા સામાનને ભારે નુકશાન થવા પામ્યું હતું. જયારે બનાવની જાણ ફાયર બ્રિગેડના જવાનોને થતા તાત્કાલીક બનાવ સ્થળે પહોંચી જઈને આગ પર કાબુ મેળવી લીધો હતો. જયારે આગને પગલે ઘરમાં રહેલા ગાદલા,પડદા સહિતનો સામાન બળી જવા પામ્યો હતો.

બનાવની પ્રાપ્ત વિગત મુજબ શહેરમાં ગરમીનો પારો રોજ ઉંચે જઈ રહ્યો છે.ગરમીથી નાગરીકો ત્રાહીમામ પોંકારી ઉઠ્યા છે. ત્યારે નાગરીકો ગરમીથી બચવા માટે બપોરના સમયે એસી ઓન કરી ઘરમાં પુરાઈ રહે છે. ત્યારે આજે બપોરના સુમારે સેકટર-૭ ડી પ્લોટ નં. ૧૩૫૦ ખાતે રહેતા ગીતાબા ધીરેન્દ્રસિંહ ડાભીના ઘરના બેડરૂમમાં શોર્ટ સર્કિટથી અચાનક આગ લાગી હતી. આગને પગલે ઘરમાં રહેલા પડદા અને ગાદલા સહિત ઘરની ચીજવસ્તુઓ એક પછી એક આગની લપેટમાં આવી ગઈ હતી. બનાવની જાણ ફાયર બ્રિગેડને કરતા ફાયરના જવાનોએ બનાવ સ્થળે પહોંચી જઈ ને પાણીનો મારો ચલાવી આગ પર કાબુ મેળવી લીધો હતો. બેડરૂમના એસીમાં આગ લાગતા આસપાસના નગરજનો પણ દોડી આવ્યા હતા. જયારે આગને પગલે અંદાજીત મકાન માલિકને રૂ.૫૦ થી વધુ નુ નુકશાન થવા પામ્યું છે.

# પીડીપીયુ ખાતે સાહસિક પ્રવૃત્તિઓ આધારિત ફિલ્મોનું નિદર્શન યોજાયું

## આઈએમએફ માઉન્ટેઈન ફિલ્મ ફેસ્ટિવલમાં એવોર્ડ વિજેતા ૧૬ જેટલી દસ્તાવેજી અને શોર્ટ ફિલ્મોનું નિદર્શન યોજાયું

ગાંધીનગર, તા.૭

ગાંધીનગરની પંડિત દિનદયાળ ઉપાધ્યાય યુનિવર્સિટીના ઓડિટોરિયમ ખાતે આઈએમએફ માઉન્ટેઈન ફિલ્મ ફેસ્ટિવલની વિજેતા એડવેન્ચર ફિલ્મોના નિદર્શનનો કાર્યક્રમ 'એફેનાલાઈન મીટસ આર્ટ'નું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે મુંબઈની તાજ હોટેલ ખાતેના આતંકવાદી હુમલામાં અસાધારણ બહાદુરી પ્રદર્શિત કરનાર પરમવીર ચક્ર વિજેતા ભારતીય જવાન પ્રવિણ તેવટીયા તથા ગુજરાતના એવરેસ્ટ શિખર સર કરનાર પર્વતારોહક મેહુલ જોશી સહિત સાહસિકોનું સન્માન કરાયું હતું.



પીડીપીયુના એકસપોઝર ટુ એનસીસી, એસએલએસ વિડિયો ગ્રાફિકસ એસોસિએશન તથા ઈન્ડિયન માઉન્ટેનરીંગ ફાઉન્ડેશનના સંયુકત ઉપક્રમે આયોજિત આ કાર્યક્રમમાં વિવિધ પ્રકારની સાહસિક પ્રવૃત્તિઓ જેવી કે ટ્રેકિંગ, માઉન્ટેનરીંગ, રીવર રાફટીંગ, સાયકિલંગ ઓન હિલ્સ, સ્વીમીંગ, પેરાગ્લાઈડીંગ વગેરે આધારિત ૧૬ જેટલી એવોર્ડ વિજેતા ડોકયુમેન્ટરી ફિલ્મો તથા શોર્ટ ફિલ્મો પ્રદર્શિત કરાઈ હતી. આ પ્રસંગે લિમ્કા બુક એવોર્ડ વિજેતા યુવા સાયકિલસ્ટ જેમણે ૨૫૦૦ કિમીની કન્યાકુમારીથી કાશ્મિર સુધીની સાયકલયાત્રા ખેડનાર નિકોઈ નબીસી તથા કુલુથી ખારદુગ્લા સુધીની દુર્ગમ સાયકલ સવારી કરનાર લિમ્બા બુક એવોર્ડ વિજેતા અજીયા નાયરનું પણ સન્માન કરવામાં આવ્યું હતું.

આ કાર્યક્રમમાં આંતરરાષ્ટ્રીય સ્તરે એવોર્ડ વિજેતા સાહસ આધારિત ફિલ્મો જેવી કે પાયુશ, રનીંગ ધ હાઈ હિમાલયા, ફ્રેન્ચ ઈન્ડિયન મસાલા, અ શેફર્ડસ જર્ની, ધ મેન હુ કુડ ફલાય, મુલાકાત, પરસ્પેકિટવ ઈન્ડિયા, કલાઈમ્બાથોન, બિયોન્ડ ખારદુગલા, સ્ટોન, ધ ડ્રીમ કેચર, હેવ્સ ઓન અર્થ : હન્લે, ફ્રિડમ ફેમિલી, એન ઓડલેન્ડ એસ્કેપ, ડ્રીમલાઈન, મેકીંગ હિસ્ટરી વગેરેનું નિદર્શન કરાયું હતું. આ પ્રસંગે ચેતક કમાન્ડો પણ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતાં.

# નિસર્ગ સાયન્સ સેન્ટર દ્વારા સાયન્સ ફિલ્મ શો

ગાંધીનગર, તા.૭

ગુજરાત કાઉન્સિલ ઓન સાયન્સ એન્ડ ટેકનોલોજી પ્રેરિત નિસર્ગ સાયન્સ સેન્ટર દ્વારા વેકેશનમાં પણ વિદ્યાર્થીઓ વિજ્ઞાનલક્ષી પ્રવૃત્તિઓ કરીને રજાઓનો સદઉપયોગ કરે તે હેતુથી ૭મી મેથી ૧૧મી મે ૨૦૧૯ સુધી રાત્રે ૮.૩૦ થી ૧૦.૩૦ કલાક દરમિયાન નિસર્ગ કોમ્યુનિટિ સાયન્સ સેન્ટર, બ્લોક નં. ૬૧/૧, ઘ ટાઈપ સે-૨૩ ગાંધીનગર ખાતે સાયન્સ ફિલ્મ શોનું આયોજન કરવામાં આવ્યું છે. જે અંતર્ગત વિજ્ઞાન અને ટેકનોલોજીની રોમાંચક અને થીમ બેઝ ફિલ્મો દર્શાવવામાં આવશે. આ ફિલ્મ બતાવવા માટે કોઈ ચાર્જ લેવામાં આવશે નહિ. આ ફિલ્મો નિહાળવા માટે વિદ્યાર્થીઓ અને વાલીઓને નિર્સગ સાયન્સ સેન્ટર દ્વારા હાર્દિક નિમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

જેમાં તા ૮મી મેના રોજ બ્લેક પેન્થર, ૯મીમેના રોજ એવેન્જર્સ ઈન્ફીનીટી વોર, ૧૦મીએ પેસીફીક રીમ્સ અપરાઈઝી ૬ અને ૧૧મી મેના રોજ એકવામેન ફિલ્મ દર્શાવવામાં આવશે. આ અંગે વધુ માહિતી માટે મો. ૯૪૨૬૪૫૧૧૦૨ પર સંપર્ક કરવા જણાવાયું છે.

# શહેરમાં સેવા કાર્યોની સુવાસથી મહેકી અખાત્રીજ

## ઉનાળાની આકરી ગરમીને અનુલક્ષીને માનવીઓ માટે શરબત વિતરણ તથા પશુ-પક્ષીઓ માટે કુંડા વિતરણ જેવા સદકાર્યો વિવિધ સંસ્થાઓ દ્વારા હાથ ધરાયા

ગાંધીનગર, તા.૭

શહેરમાં આજે અક્ષય તૃતીયા તથા પરશુરામ જયંતિના પવિત્ર દિવસે સેવાની સરવાણી વહેવા પામી હતી. આજે શહેરમાં વિવિધ સંસ્થાઓ દ્વારા ઠંડા પાણી, શરબતનું વિતરણ, અબોલ પંખીઓ માટે પરબોનું વિતરણ તથા યુવાનો દ્વારા પશુ-પક્ષીઓની તરસ છીપાય તે માટે મોટા સિમેન્ટના પાણીના કુંડાનું વિતરણ જેવી સેવાકીય પ્રવૃત્તિઓ હાથ ધરવામાં આવી હતી. શહેરમાં ધાર્મિક રીતે તો પરશુરામ જયંતિની શોભાયાત્રા સહિતના કાર્યક્રમો યોજાયા અને શહેરીજનોએ વાહનો સોના-ચાંદી વગેરેની ખરીદી કરી અખાત્રીજના શુભ મુર્હુતનો લાભ પ્રાપ્ત કર્યો પરંતુ સાથે સાથે સેવાભાવી સંસ્થાઓ-નાગરિકોએ સેવાકાર્યો દ્વારા આ પવિત્ર દિવસની મહેંક વધુ પ્રસરાવી હતી.

**લક્ષ પ્રેરણા ડિવાઈન સંસ્થાએ ૭૦૦ લીટર શરબત પીવડાવ્યો**

શહેરમાં સવારે ૧૦ વાગ્યાથી પથિકાશ્રમ એસટી બસ ડેપો સામે લક્ષ પ્રેરણા ડિવાઈન સંસ્થાના સ્વયંસેવકો જેમાં મોટી સંખ્યામાં મહિલાઓ ઉપરાંત બાળકો-વડિલો પણ સામેલ હતા. જેમણે આવતા જતા રાહદારીઓ, રીક્ષા ચાલકો, કાર-સ્કૂટર ચાલકો તથા શ્રમજીવીઓને શરબતનું વિતરણ કર્યું હતું. સંસ્થા દ્વારા સાંજના ૪ વાગ્યા સુધીમાં મિનરલ પાણીના ૨૦ લીટરના ૩૫ જગમાં ૫૫ બૉટલ શરબતનો ઉપયોગ કરીને કુલ ૭૦૦ લીટર શરબતનું વિતરણ કર્યું હતું. આ કાર્ય માટે ૨૫થી વધુ સ્વયંસેવકોએ સેવા આપી હતી. જેમાં તમામ સ્વયંસેવકો ગાંધીનગરના અલગ અલગ સેકટરના હતા. સંસ્થા



દ્વારા ગરમીને ધ્યાનમાં રાખીને ખાસ કેસુડાના ફુલમાંથી બનતું પલાશ શરબત અને ગુલાબનું શરબત પીવડાવ્યું હતું.

**સ્વ અર્પણ સેવા સમિતિ દ્વારા સિમેન્ટના મોટા કુંડાનું વિતરણ**

ગાંધીનગરના સેવાભાવી યુવાનોની સંસ્થાઓ સ્વ અર્પણ સેવા સમિતિ ચેરિટેબલ સેવા સંસ્થા, ગૂંજ ફાઉન્ડેશન, હેપ્પી યુથ કલબ ઉપરાંત ફુડ એન્ડ ડ્રગ્સ કન્ઝયુમર વેલ્ફેર કમિટી તથા ધોલેરાના શિવગણ ઈન્ફ્રાટેકના સંયુકત ઉપક્રમે આજે સવારે ૯ કલાકે શહેરના ઘ-૪ સર્કલે સિમેન્ટના મોટા કુંડાના વિતરણનું સેવાકાર્ય હાથ ધર્યું હતું. આ કુંડામાંથી



પ્રાણીઓ જેવા કે કૂતરાં, બિલાડી, ગાય-ભેંસ વગેરે તથા પક્ષીઓ પણ પોતાની તરસ છીપાવી શકશે. સંસ્થા દ્વારા આશરે ૭૦ જેટલા કુંડાનું વિતરણ કરવામાં આવ્યું હતું. આ સેવાકાર્યમાં શહેરના અગ્રણી યુવા નાગરિકો અને સેવાભાવી યુવાનો જોડાયા હતા.

**સર્જન એજયુકેશન દ્વારા સે-૧૨માં પક્ષી પરબોનું સ્થાપન કરાયું**

સેકટર-૧૨માં આજે અખાત્રીજના પવિત્ર દિવસ નિમિત્તે સર્જન એજયુકેશન એન્ડ ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા સેકટરના વસાહતીઓના ઘરે ઘરે જઈને જ વસાહતીઓ પક્ષી પરબમાં નિયમિત જળસંચિનની જવાબદારી સ્વીકારવા તૈયાર હોય તેમના આંગણામાં પક્ષી પરબનું



સ્થાપન કર્યુ હતું. આ સેવાકાર્ય ઉનાળાની કાળઝાળ ગરમીમાં અબોલ પક્ષીઓ માટે આશીર્વાદરૂપ સાબિત થશે. સેવા કાર્યમાં સંસ્થાના હોદ્દેદારો સહિત સ્વયંસેવકો જોડાયા હતા જેમને સેકટરવાસીઓએ પ્રોત્સાહક પ્રતિભાવ આપ્યો હતો.